# ભગવાનનાં દર્શન



દેવજી પટેલ અને હરતન પટેલ બંને નાનપણના દોસ્ત. નાનપણમાં એ સાથે રમેલા. જુવાનીમાં કામધંધામાં એમણે એકબીજાને મદદ કરેલી. હવે ઘડપણમાં બંને ડોસા ભેગા બેસી ભગવાનની ભગવાનની વાતો કરતા. બંનેના જીવ એક બીજા સાથે બરાબર મળી ગયેલા હતા.

હરતન પાસે બસો ગાયો, રહેવા બે ઘર ને છૈયાં-છોકરાંનો રૂડો વસ્તાર હતો. દેવજી પટેલને પણ સો વીઘાં જમીન, બે ઘર ને છોકરાંને ઘેર પણ છોકરાં હતા. બંનેને થયું કે ભગવાને એમને જે જોઈએ તે આપ્યું છે. હવે એક માત્ર જાત્રા કરી આવવાનું બાકી રહ્યું છે. શરીર સાચવેલાં, એટલે બંને મિત્રોએ પગે ચાલીને દ્વારકાની જાત્રાએ જવાનું નક્કી કર્યું. ધણિયાણીઓની તથા ચૈયાં-છોકરાની રજા લઈ ભાતું બાંધી જરૂરી પૈસા પાસે રાખી બંને ડોસા એક દિવસ જાત્રા કરવા નીકળી પડયા.

રસ્તામાં જે કોઈ જગ્યાએ દેવમંદિર જુએ ત્યાં એ દર્શન કરતા જાય, નદીસરોવરમાં નહાય અને હાથે રસોઈ બનાવીને જમે. ભગવાનનું નામ લેતા એ પોતાનો રસ્તો કાપ્યે જાય. એમણે નિયમ કર્યો હતો કે કોઈ પણ ગામમાં એક રાતથી વધારે ન રોકાવું. આગળ જતાં રસ્તામાં એક ગામ આવ્યું. એ ગામમાં બંને ડોસા રાતવાસો કુંભારવાડે રહ્યા. હાથે રસોઈ બનાવીને જમયા ને આંગણામાં ખાટલા ઢાળ્યા હતા એમાં ભજન કરતા એ સૂઈ ગયા.

એ રાતે એક અણધાર્યો બનાવ બન્યો. જે કુંભારના ઘરના આંગણામાં એ સૂતા હતા એના ઘરનાને રાત્રે એકાએક ઝાડાઊલ્ટી થઈ આવ્યાં. બંને ડોસા તરત જાગી ગયા અને એ લોકોની સારવાર કરવા મંડી ગયા. આખી રાત જાગરણ કરી એમણે ચાકરી કરી, પણ કોઈને આરામ થતો જણાયો નહિ. કોઈ ગામમાં બીજી રાત નહિ રહેવાનો તો એમનો નીમ

હતો. હવે શું થાય ? બપોર ચઢતાં દેવજી પટેલ કહે, "ભાઈ હરતન, હવે આપણે ચાલીશું ને ?"

હરતન કહે, "જે લોકોએ આપણને આશરો આપ્યો એમને મોતના મોંમા મૂકી ચાલ્યા કેમ કરીને જવાય ? મારો તો રણછોડરાય કહો કે જે કહો તે અહીં જ છે."

દેવજી કહે, "એમ કંઈ અધવચ અટકાય નહિ. જરાક વિઘ્ન આવે કે લીધેલો નીમ તજી દઈએ તો નીમ લીધો શા કામનો ? આપણે દ્વારકા જવા નીકળ્યા છીએ, માંદાની ને મરનારાંની માવજત કરવા નહિ. આમ જો ભરાઈ પડીએ તો આવતે ભવે પણ રણછોડરાયનાં દર્શન ન પામીએ."

પણ એકનો બે થાય તો હરતન શાનો ! દેવજી પટેલે એને ઘણું સમજાવ્યું ; પણ એ તો એટલું જ બોલ્યો, "તમે તમારે જાઓ દેવજીભાઈ ! આ લોકોને સારું થઈ જાય એટલે હું પણ આવી પહોંચીશ. જો માણેકઠારી પૂનમે હું દ્વારકા ન આવી પહોંચુ, તો તમે મારા વતી રણછોડરાયને પગે લાગી લેજો."

હરતન માને એમ નથી એવી ખાતરી થઈ, એટલે દેવજી પટેલ છેવટે ન છૂટકે એને મૂકીને આગળ વધ્યા. ઠરાવ્યા પ્રમાણે બરાબર માણેકઠારી પૂનમના દિવસે એ તો દ્વારકા પહોંચી ગયા. ગોમતીમાં નાહ્યા અને ભગવાનનાં દર્શન કરવા ઝટપટ મંદિઅરમાં પેઠા.

મંદિરમાં તો દર્શન આવતા ભકત લોકોની મોટી ઠઠ જામી હતી. દેવજી પટેલ હરતનને શોધતા હતા અને ચિંતા કરતા હતા કે, 'એક એ બિચારો દ્વારકા આવી શકયો નહિ', પણ ભગવાન તરફ એ નજર કરે છે તો એમણે એક અચરજ જોયું. ભગવાનની મૂર્તિ આગળ એમણે હરતનને પગે લાગતો જોયો. પછી ઊભો થઈ હરતન ત્યાં નાચવા લાગ્યો અને ગાવા લાગ્યો :

'આખા લીમડામાં એક ડાળ મીઠી કે રણછોડ રંગીલો.'

દર્શને આવેલા સૌ લોકની નજર હરતન પર ઠરી હોય એમ જણાવ્યું. એ બધાંએ પેલું ભજન ઉપાડયું. દેવજી પટેલ પણ એ ભજન ઝીલવા માંડયા. હરતન કેમ કરીને આગળ થઈ ગયો એ જાણવાનું એમને મન થયું. 'ગમે તેમ પણ એ આવી પહોંચ્યો એટલે ભગવાનની મહેર. આ બધું પત્યા પોછી એને પૂછીશ.' એમ વિચારી એમણે ભગવાનમાં મન પરોવ્યું.

દર્શનનો વખત પૂરો થયો એટલે મંદિરના કમાડ બંધ થયાં. ભક્તોનું ટોળું વિખરાવા માંડયું. દેવજી પટેલની આંખો હવે હરતનને શોધવા લાગી, પણ એ એમની નજરે પડયો નહિ. દ્વારકાનાં બધાં મંદિરોમાં, ધર્મશાળાઓમાં, ગોમતી પર અને દરિયાકિનારે એમણે હરતનને શોધ્યો; પણ કયાંય એનો પત્તો લાગ્યો નહિ. છેવટે થાકીને, મનથી એને થોડો ઠપકો આપતા, દેવજી પટેલ પોતાના ગામ ભણી પાછા ફર્યા.

વળતા રસ્તામાં જ પાછું પેલું ગામ આવ્યું. એમને થયું, 'લાવ જરા તપાસ તો કરું કે પેલાં કુંભારનાં ઘરનાં બધાં સાજાંસમાં તો છે ને ! હરતન અહીંથી કયારે નીકળ્યો એની પણ કંઈક ભાળ મળશે.'

એમ વિચાર કરી એ કુંભારવાડે ગયા. જુએ છે તો પેલા ઘરના આંગણામાં જ હરતન ઊભેલા છે. 'અહીં પણ આગળ ને આગળ !" દેવજી પટેલ મનમાં બોલી ઊઠયા.

દેવજીભાઈને જોતાં જ હરતન સામો દોડી આવ્યો. એમનો થેલો ઊંચકી લઈ, 'જય શ્રી કૃષ્ણ' કહેતાં એ બોલ્યો, "સુખેથી દ્વારકા જઈ આવ્યા ને દેવજીભાઈ ! કહો શરીર તો સારું ને ? રસ્તામાં કંઈ અડચણ તો નહોતી આવીને ? તમે ખરા નસીબદાર ભાઈ !"

દેવજી પટેલ કહે, "હરતન પણ તું...."

હરતન કહે, "એ બધી વાત પછી કરીશું. પહેલાં ના 'વ, ધૂઓ ને થાક ઉતારો પછી વાત."

પટેલ ઘરમાં જઈ ખાટલા પર બેઠા. હરતન કહે, "દેવજીભાઈ, તમે ગયા પછી તો અહીં ભારે થઈ. આ ઘરનાં બધાં જ કોગળિયામાં સપડાઈ ગયાં. એમને એવી દશામાં મૂકીને મારાથી કેમ નીકળાય ? એટલે એમને બરાબર મટયા પછી જ અહીંથી ખસવું એમ મેં નક્કી કરી લીધું. રણછોદરાયને હું રોજ કાલાવાલા કરું કે, એમને ઝટ સારું થઈ જાઓ. થોડા દિવસ પછી સૌને મટી ગયું. દવાદારૂ પણ સારી રીતે કર્યાં હતાં ને એમાં ખર્ચ ઘણું થઈ ગયું હતું. હજી તો બધાં શરીરે નબળાં હતાં. એમની પાસે જે કાંઈ હતું તે માંદગીમાં અને જિવારો કરવામાં ખર્ચાઈ ગયું. એટલે મારી પાસે જે કંઈ પૈસા હતા તે આપી મેં કહ્યું કે, 'લો, આ પૈસા વડે તમારો ધંધો શરૂ કરો. ' માણેકઠારી પૂનમ તો આવી લાગી હતી અને વાટખરચી વગર હવે દ્વારકા જવાય એમ પણ ન હતું, એટલે દહાડે અહીં તહ્યે જ મેં આંખો મીંચીને રણછોડરાયને પ્રણામ કરી લીધા."

ઘરના બધાં આ વાત સાંભળતાં હતાં. દેવજી પટેલ તો આ સાંભળી સડક થઈ ગયા ને બોલી ઊઠયા, "શું કહે છે હરતન ! મેં તને દ્વારકામાં ભગવાનના ચરણ આગળ જોયો હતો એ શું ખોટું ? હું દૂર ટોળામાં ઊભો હતો, પણ તું તો બરાબર ભગવાનના ચરણ પાસે નાચતો, ગાતો હતો ! અને તું તો કહે છે, તું અહીંથી ખસ્યો પણ નથી !"

ઘરનાં બધાં કહે, "હા, હરતનભાઈ ખરી વાત કહે છે. એ અહીંથી કયાંય પણ ગયા હોત તો અમારામાંથી એક પણ જીવતું ન હોત."

આ સાંભળીને દેવજી પટેલને કંઈક ગમ પડી. એમની આંખમાં ચમકારો થયો અને તરત ઊભા થઈને હરતનને પગે પડયા ને બોલ્યા, "ભાઈ હરતન ! ભગવાનનાં ખરાં દર્શન તો તેં જ કર્યાં છે. હવે મને સમજાયું કે માંદાની માવજત અને ગરીબની સેવા એ જ ભગવાનની ખરી સેવાપૂજા છે અને જીવમાત્રમાં ભગવાનનાં દર્શન કરવાં એ જ

રણછોડરાયનાં ખરાં દર્શન છે.

ખરા રણછોડરાયને મૂકીને હું આગળ ચાલ્યો ગયો ને તું સાચા ભાવથી એમને વળગી રહ્યો. દ્વારકાની ખરી જાત્રા તો તેં જ કરી, મેં નહિ. ચાલો હવે ઘેર જઈએ."

પછી પેલા લોકોની રજા લઈ બંને ડોસા પોતાના ગામ પાછા ફર્યા. બંને જણાએ જાત્રા કેવી રીતે કરી એની વાત દેવજી પટેલે ગામમાં કહી સંભળાવી, ત્યારે લોકોને પણ અચરજ થયું ને બોધ પણ મળ્યો. દેવજી પટેલે પછી પોતાની બાકીની જિંદગી દીનદુ:ખીની સેવામાં અને માંદા માણસોની માવજત કરવામાં વિતાવી.

લેખક: સ્વ શંભુપ્રસાદ ભટ્ટ